# Universalization of the Membership of the International Solar Alliance (ISA)

January 15, 2021

## ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) નાં સભ્યપદનું વૈશ્વિકરણ

જાન્યુઆરી 15, 2021

1. પેરિસમાં COP21 દરમિયાન ભારતનાં માનનિય વડાપ્રધાન અને ફ્રાન્સનાં માનનિય રાષ્ટ્રપતિ દ્વારા સંયુક્ત રીતે ઈન્ટરનેશનલ સોલર એલાયન્સમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. તે સૌર ઊર્જાનાં ઝડપી અને મોટા પ્રમાણમાં ઉપયોગીકરણ મારફત પેરિસ પર્યાવરણ સમજૂતિનાં અમલીકરણમાં યોગદાન આપવાનો ધ્યેય રાખે છે. 15 જાન્યુઆરી 2021 મુજબ, ISA ની ફ્રેમવર્ક સમજૂતિમાં 89 દેશોએ હસ્તાક્ષર કર્યા છે, જેમાંથી 72 દેશોએ તેઓનાં બહાલીનાં પત્રો જમા કરાવ્યા છે.

2. ઉષ્ણકટિબંધથી બહાર ઈન્ટરનેશનલ સોલર એલાયન્સમનાં સભ્યપદનાં વૈશ્વિકરણને હાંસલ કરવા માટેનાં માનનિય ભારતનાં વડાપ્રધાનનાં વિઝન અનુસાર, ISA ની પ્રથમ સામાન્ય સભા 3 ઓક્ટોબર 2018 નાં રોજ યોજાઈ હતી, જેમાં સંયુક્ત રાષ્ટ્રનાં તમામ સભ્ય રાજ્યો સુધી ISA નાં સભ્યપદનાં આવકાશને વધારવા માટે, ઈન્ટરનેશનલ સોલર એલાયન્સની સ્થાપના પર ફ્રેમવર્ક સમજૂતિનો સુધારો ગ્રહણ કરવામાં આવ્યો હતો.

3. ISA ની ફ્રેમવર્ક સમજૂતિ દ્વારા ફરજિયાત કર્યા અનુસાર ISA સભ્ય દેશોની આવશ્યક સંખ્યા પાસેથી જરૂરી સુધારાઓ/ મંજુરીઓ/ સ્વિકાર્યતાઓ પ્રાપ્ત કર્યા બાદ, કથિત સુધારો 8 જાન્યુઆરી 2021 થી અમલમાં આવ્યો છે. ISA ફ્રેમવર્ક સમજૂતિનો સુધારો અમલમાં આવવાથી ઉષ્ણકટિબંધની પાર આવેલા દેશો સહિત, સંયુક્ત રાષ્ટ્રનાં તમામ સભ્ય રાજ્યો ઈન્ટરનેશનલ સોલર એલાયન્સમાં જોડાવાની અનુમતિ મળી છે.

4. ISA નો ધ્યેય ટેકનોલોજી, નાણા અને ક્ષમતાની બાબતમાં સૌર ઊર્જાનાં મોટા પ્રમાણણાં ઉપયોગીકરણ તરફ સંયુક્ત પ્રતિભાવ આપવા માટે દેશોને સાથે લાવવાનો છે. ISA નો ઉદ્દેશ સભ્ય દેશોને કાર્યરત કરી, આંતરરાષ્ટ્રિય સંસ્થાઓ તરફથી પ્રતિબદ્ધતાઓ મેળવી અને પ્રાઈવેટ સેક્ટરને કાર્યરત કરી ગ્રાંમિણ અને વિકેન્દ્રિત ઉપયોગોને સમર્થન આપવાનો, પોસાય તે રીતે નાણા સુલભ કરાવવાનો, ટાપુ અને ગામડાઓમાં સોલર મિનિ ગ્રિડ્સ, રૂફટોપ સ્થાપનાઓ કરવાનો અને સોલર ઈ-મોબિલિટી ટોકનોલોજીઓને સમર્થન આપવાનો છે.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 15, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.